**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૦/૩/૨૦૧૫ મંગળવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૮૯/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૫ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી, ૧૮૫ લીટર દેશી દારૂ, ૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૦૧ ઓટોરીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૩ વ્યક્તિઓને ઝડપી જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૯૦/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૪૯૧/૧૫**

**અમરાઇવાડી :** આરતીબહેન નટુભાઇ લુહાર (ઉ.વ.૧૪)(રહે.લુહારના છાપરાં, અમરાઇવાડી) ને તા.૦૭/૩/૧૫ સાંજનાં ૬/૩૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘર નજીક રહેતો આરોપી પ્રતાપ મહેશભાઇ રાવળ ઘર નજીકથી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ આરતીબહેનની માતા શારદાબહેન લુહારે તા.૯/૩/૧૫ નારોજ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એ.વી.રાજગોર ચલાવે છે.

**મણીનગર :** પુજાબહેન શિવાજી મારવાડી (ઉ.વ.૧૬)(રહે.રબારીવાસ, કમલેશ સોસાયટી સામે, જુના ઢોરબજાર કાંકરીયા રોડ, મણીનગર) ને તા.૦૮/૩/૧૫ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘર નજીકથી આરોપી પંકજભાઇ રતિભાઇ ડામોર(રહે.ગોરધનવાડી ટેકરા, વૈભવલક્ષ્મી માતાના મંદિર સામે, મણીનગર) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ પુજાબહેનના પિતા શિવાજી મારવાડીએ તા.૯/૩/૧૫ નારોજ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

**રોકડ ભરેલ બેગ ખેંચી લઇ ગયા :** **સમાચાર યાદી નં.૪૯૨/૧૫**

**કાગડાપીઠ :** દિપકભાઇ વસંતભાઇ પુરૂસ્વાણી (ઉ.વ.૩૮)(રહે.સત્કાર બંગ્લોઝ, કોતરપુર વોટરવર્કસની બાજુમાં, નોબલનગર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૯/૧/૧૫ બપોરનાં ૪/૪૫ વાગ્યાના સુમારે સારંગપુર, ન્યુ કલોથ માર્કેટ ના ગેટ નંબર-૪ નજીક રોડ ઉપરથી, પોતાની દુકાનમાં નોકરી કરતાં વિજયભાઇ મુરલીધર નથાણીને મોટર સાયકલ ઉપર પાછળ બેસાડી પસાર થઇ રહ્યા હતા ત્યારે બે મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ પુરૂષ દિપકભાઇનાં મોટર સાયકલ નજીક આવી, એક પુરૂષે અસ્ત્રા વડે સાહેદ વિજયભાઇને ખભા ઉપર ઇજા કરતાં, સાહેદ મોટર સાયકલ ઉપરથી નીચે પડી જતાં, તેમના હાથમાંથી રોકડ રૂપિયા ૯,૪૧,૦૦૦/- ભરેલ બેગ ખેંચી લઇ, ત્રણેય પુરૂષ પલાયન થઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.જે.ચૌધરી ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા:-** **સમાચાર યાદી નં.૪૯૩/૧૫**

**ઓઢવ :** સદગુણાબહેન કિશોરભાઇ બ્રહ્મભટ્ટ (રહે.વ્રજવિહાર સોસાયટી, બંધન વિદ્યાગૌરી સોસાયટીની અંદર, કેડીલા રોડ, ઘોડાસર, ઇસનપુર) તા.૮/૩/૧૫ રાતનાં ૯/૦૦ વાગ્યાના સુમારે ઓઢવ ને.હા.નં.૮, રાજેન્દ્રપાર્ક ચાર રસ્તા થી સી.ટી.એમ.તરફ જવાના ટ્રેક ઉપર પોતાના પતિ સાથે મોટર સાયકલ ઉપર પાછળ બેસી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) સદગુણાબહેનનાં ગળામાં હાથ નાંખી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ સદગુણાબહેન બ્રહ્મભટ્ટે ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જી.એસ.બારીયા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૪૯૪/૧૫**

**ઇસનપુર :** રમેશભાઇ દુર્લભભાઇ હરસોલા (રહે.ઇશ્વરપાર્ક સોસાયટી, યુકો બેંકની પાછળ, ભૈરવનાથ ચાર રસ્તા, ઇસનપુર) એ તા.૯/૩/૧૫ નારોજ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૩/૧૫ બપોરનાં ૨/૩૦ થી તા.૯/૩/૧૫ ના કલાક ૩/૩૦ વાગ્યા દરમ્યાન કોઇ અજાણી વ્યક્તિ પોતાના ઘરના દરવાજાનું તાળુ તોડી ઘરમાં પ્રવેશ કરી તીજોરીમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૮૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૧,૪૧,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.ડી.પંચાલ ચલાવે છે.

**ગટરમાંથી આવતાં ઝેરી ગેસથી મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૪૯૫/૧૫**

**રામોલ :** તા.૧૦/૩/૧૫ નાં કલાક ૦૦/૩૦ વાગ્યાના સુમારે (૧) શ્યામાબહેન વા\ઓ ગોવિંદભાઇ કુમાવત (ઉ.વ.૨૬) (૨) સંગીતા ડો\ઓ ગોવિંદભાઇ કુમાવત (ઉ.વ.૦૪) અને (૩) લલીતા ડો\ઓ ગોવિંદભાઇ કુમાવત (ઉ.વ.૦૩) (તમામ રહે.સિલ્વર સીટી, તક્ષશીલા સ્કુલની પાછળ, મહેશ્વરીનગર વસ્ત્રાલ) પોતાના ઘરમાં સુતા હતા દરમ્યાન ગટરમાંથી ઝેરી ગેસની વાસ આવતાં ત્રણેયને શ્વાસ લેવામાં તકલીફ પડતાં, બેભાન થઇ જતાં સારવાર અર્થે સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતાં ફરજ પરનાં ડૉ.શ્રીએ ત્રણેયને મૃત જાહેર કર્યા હતા. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારધી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૯૬/૧૫</u>**

**દાણીલીમડા :(૧)** રેશ્માબાનુ શૌકતઅલી શેખ (ઉ.વ.૧૮)(રહે.ખ્વાજાનગર, ખેડા નાકા પાસે, બોમ્બે હોટલ, નારોલ) એ કોઇ કારણસર તા.૯/૩/૧૫ બપોરનાં ૩/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે ચાદર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મગનભાઇ સબળાભાઇ ચલાવે છે.

**(૨)** તુલસીભાઇ રેવાભાઇ પરમાર (ઉ.વ.૫૫)(રહે.બાબુનગર સોસાયટી, દાણીલીમડા) એ બીમારીથી કંટાળી જઇ તા.૯/૩/૧૫ સાંજનાં ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે રૂમાલ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જેસિંગભાઇ મોતીભાઇ ચલાવે છે.

(ઇ.ચા.)નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.